# ગાંધીનગરમાં વધતો કોરોનાનો આતંક

## શહેરમાં ૭ તો ગ્રામ્ય વિસ્તારમાં ૧૧ કુલ ૧૮ નવા કેસ : સે. ૨૨માંથી એક કેસ મળ્યો : સે. ૨૪માં 3 અને સે.૨-બીમાં વધુ બે કેસ, સે. 3-ન્યુમાં એક-એક પોઝીટીવ મળતાં તંત્રમાં હડકંપ મચ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં મળી આજે ૧૮ જેટલા કોરોના પોઝીટીવના કેસ મળતાં કોરોનાના કેસોની સંખ્યા ૬૭ થવા પામી છે.

જિલ્લામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેના પગલે તંત્રમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે. તંત્રએ હવે લોકડાઉનના અમલને વધુ સખ્તાઈથી અમલ કરાવવા માટેના સ્પષ્ટ સંકેત આપી દીધા છે. શહેરમાં માસ્ક પહેરવાનું ફરજીયાત કરાયા બાદ ગુડા વિસ્તારમાં પણ માસ્ક ફરજીયાત કરવા માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ તાત્કાલિક કરવાના આદેશ અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તાએ આપ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ૭ અને ગ્રામ્યવિસ્તારમાં ૧૧ કેસ નોંધાયા છે. આજે તંત્રના અધિકારીઓએ પરિસ્થિતિની સમીક્ષા દરમ્યાન ગાંધીનગર શહેરના તમામ પ્રવેશ સ્થાનો પર કોવિડ-૧૯ની ૨૪૮૭ ચેકપોસ્ટ બનાવવાનો નિર્ણય લીધો છે.

આ ઉપરાંત જિલ્લામાં પણ ગ્રામ્ય વિસ્તારમાં વધુ સતર્કતા ગ્રામ્યજનો અને સરપંચો રાખે તે માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે. આજે નોંધાયેલા કેસો બધા જ લોકલ ટ્રાન્સમિશનના હોવાનું હાલ જણાઈ રહેલ છે. તંત્રની ટીમો દ્વારા મળેલા દર્દીઓને ત્યાં સેનીટાઈઝેશન સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૨-બી, સે.૨ડી, ૩-ન્યુ ઉપરાંત ૨૪ અને નવા વિસ્તાર સે. ૨૨માંથી એક કેસ મળી આવ્યો છે. આ ઉપરાંત ગાંધીનર તાલુકામાંથી ૩, માણસા અને દહેગામમાંથી ૧-૧ તેમજ કલોલમાંથી ૨ કેસ મળી આવ્યા છે.

આજે પણ નોંધાયેલા કેસોમાં મહિલા દર્દીઓની સંખ્યા ૪ જેટલી છે. ગાંધીનગર શહેરના સે. ૨૨માંથી મળેલ મહિલા દર્દી આરોગ્ય વિભાગમાં સેવારત છે. તે કીડની ઈન્સ્ટીટ્યુટમાં નર્સિંગની સેવાઓ સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે. માણસા તાલુકામાં એક પોલીસ કર્મચારીને પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## શહેરમાં નવા કેસ ૭ નોંધાયા સાથે જ શહેરના કેસોની સંખ્યા ૩૨ પર પહોંચી

### સે. ૩-ન્યુ, સે. ૨૪, સે. ૨-બીમાંથી કેસો ઉપરાંત સે. ૨૨ માંથી પણ પોઝીટીવ કેસ મળતાં તંત્રમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે એક દિવસના વિરામ બાદ એક સાથે ૭ કેસ કોરોના પોઝીટીવના આવતાં મનપાનું તંત્ર વહેલી સવારથી જ કામે લાગી ગયુ છે.

આજે સે. ૨૪માંથી વધુ બે કેસ સામે આવ્યા છે. જયારે સેક્ટર-૨૪માં મોડીસાંજે વધુ એક કેસ નોંધાતા આ સાથે સૌથી ગીચ વસ્તી ધરાવતા આ સેક્ટરમાં કેસની સંખ્યા વધીને ૪ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે એક દિવસ પહેલાં આવેલા કેસના દર્દીના પરિવારમાં જ તેમના પત્ની અને પુત્રના ટેસ્ટ રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

સે. ૨-બી માં એક વર્ગ-૪ નો કર્મચારી જે ઉદ્યોગભવન ખાતે ફરજો બજાવે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક મહિલાને પણ કોરોના પોઝીટીવ જણાયેલ છે. આ બન્ને દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨-બી માંથી આ ત્રીજો કેસ મળતાં નવા સેક્ટરોમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.

સે. ૩-ન્યુ માં પણ એક વેપારી જે છુટક ધંધો કરે છે અને છેલ્લા એક માસથી અહિ સ્થિર થયો હોવાનું જાણવા મળેલ છે. તે અમદાવાદ સાથે સંકળાયેલ હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. તેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે. આમ સે. ૩-ન્યુ માં આ બીજો કેસ નોંધાયો છે.

આજે તંત્રને હચમચાવી દે તેવી ઘટના પણ બની છે. નવા વિસ્તાર સે. ૨૨ માંથી કોરોના પોઝીટીવનો કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૨ ની આ મહિલા કિડની ઈન્સ્ટીટ્યુટમાં નર્સિંગની સેવાઓ આપી રહી છે તેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે.

તંત્ર દ્વારા આજે મળેલા કેસોના સ્થળે સેનીટાઈઝેશન ઉપરાંત સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે. લોકલ ટ્રાન્સમિશનથી આ કેસો વધી રહ્યાનુ તંત્ર માની રહ્યું છે.

જો કે જિલ્લા માટે ખાસ નિયુક્ત કરાયેલ અધિક મુખ્ય સચિવશ્રીએ શહેરી વિસ્તારમાં ટેસ્ટીંગ વધારવા ઉપરાંત સઘન સર્વેલન્સ રવા તાકીદ કરી છે. તેમણે શહેરી વિસ્તારમાં નોંધાયેલા કેસો અંગે સર્વગ્રાહી સમીક્ષા પણ કરી હતી એટલુ જ નહિ ફેસેલીટી ક્વોરોન્ટાઈન અને હોમ ક્વોરોન્ટાઈન જે લોકો છે તેનુ મોનીટરીંગ અસરકારક રીતે કરવા પણ જણાવ્યુ છે. શહેરમાં તાત્કાલિક અસરથી માસ્ક ફરજીયાત કરવા માટે આપેલી લેખિત સૂચના પછી આ અંગે મનપા દ્વારા મોડી સાંજે જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ હતુ તે પણ નોંધનીય છે. અગાઉ સ્થાયી સમિતિના

● અનુસંધાન પાન-૭ પર

## આજના પોઝીટીવ દર્દીઓની વિગતો

ગાંધીનગર શહેર - જિલ્લામાં આજે સૌથી વધુ ૧૮ કેસ નોંધાતા જિલ્લામાં ભારે સન્નાટો ફેલાયો હતો. શહેર અને જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી જે ઝડપે કેસ વધી રહ્યા છે તે ચિંતાજનક બની રહ્યું છે. આગામી દિવસોમાં વધુ સતર્કતા નહિ રખાય તો કેસનો આંકડો વધવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી.

શહેર અને જિલ્લાના મોટાભાગના કેસોમાં અમદાવાદ આરોગ્ય કે પોલીસ કર્મીઓના કેસ જ સપાટી પર આવ્યા છે અને તેના કારણે તેમના પરિવારો અને પાડોશીઓ કોરોનામાં સપડાયા છે.

| ક્રમ | જાતિ | ઉંમર | રહેઠાણ |
|---|---|---|---|
| ૧ | પુરુષ | ૨૬ વર્ષ | વાવોલ |
| ૨ | પુરુષ | ૪૫ વર્ષ | ઉવારસદ |
| ૩ | પુરૂષ | ૪૦ વર્ષ | સેક્ટર-૩/ન્યુ |
| ૪ | પુરૂષ | ૩૧ વર્ષ | સેક્ટર-૨/ડી |
| ૫ | સ્ત્રી | ૭૦ વર્ષ | સેક્ટર-૨/બી |
| ૬ | પુરૂષ | ૨૩ વર્ષ | સેક્ટર-૨૪ |
| ૭ | સ્ત્રી | ૪૫ વર્ષ | સેક્ટર-૨૪ |
| ૮ | સ્ત્રી | ૨૮ વર્ષ | સેક્ટર-૨૨ |
| ૯ | સ્ત્રી | ૫૦ વર્ષ | કલોલ |
| ૧૦ | પુરુષ | ૬૮ વર્ષ | કલોલ |
| ૧૧ | પુરુષ | ૩૨ વર્ષ | બદપુરા (માણસા) |
| ૧૨ | સ્ત્રી | ૬૪ વર્ષ | ચડાસણા (માણસા) |
| ૧૩ | સ્ત્રી | ૭૫ વર્ષ | હરખજીના મુવાડા |
| ૧૪ | પુરુષ | ૩૦ વર્ષ | ઈસનપુર ડોડીયા |
| ૧૫ | પુરુષ | ૨૪ વર્ષ | સેક્ટર-૨૪ |
| ૧૬ | સ્ત્રી | ૬૦ વર્ષ | પુંન્દ્રા |
| ૧૭ | પુરુષ | ૨૬ વર્ષ | ઝુંડાલ |
| ૧૮ | પુરુષ | ૨૫ વર્ષ | જામળા |

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૧૧ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૧ કેસ કોરોનાના પોઝીટીવ મળી આવ્યા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા પણ ૩૫ પર પહોંચી છે. જ્યારે જિલ્લામાં કોરોનાથી બે વ્યક્તીના મૃત્યુ થયા છે.

મોડીસાંજે ગાંધીનગર જિલ્લામાં બીજા ચાર કેસ પોઝિટિવ આવ્યા હતા. જેમાં ત્રણ ગ્રામ્ય વિસ્તારના છે. દહેગામ, કલોલ અને માણસા તાલુકામાં ૧-૧ કેસ વધવા પામેલ છે. જ્યારે સેક્ટર-૨૪માં પણ વધુ એક કેસ સામે આવેલ છે.

આમ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૩૫ અને શહેરમાં ૩૩ કેસ કોરોના પોઝિટિવ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ તાલુકાના ઈસનપુર ડોડિયા ગામે એક કેસ પોઝિટિવ નોંધાયો છે તો માણસા તાલુકાના પુંધરા ગામે એક કેસ પોઝિટિવ નોંધાયો છે. આ ઉપરાંત કલોલ તાલુકાના જામળા ખાતે એક કેસ નોંધાયેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગર તાલુકામાંથી ૩ કેસ, કલોલમાંથી બે કેસ તેમજ માણસામાં ૨ અને દહેગામ તાલુકામાંથી એક એક કેસ મળી આવ્યા છે. માણસા તાલુકામાં એક પોલીસ કર્મીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના ચડાસણા ગામની એક ૬૪ વર્ષીય વૃદ્ધાનો કેસ પોઝીટીવ આવેલ છે. જે અગાઉ હદના વિવાદ સાથે સંકળાયેલ બે કેસના પરિવારમાં જ હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત બદપુરાનો વતની અને પોલીસતંત્રમાં ફરજો બજાવતા એક યુવાનને પણ કોરોનાનો રિપોર્ટ પોઝીટવ આવેલ છે.

આ જ પ્રમાણે આજે કલોલ તાલુકામાં પણ બે કેસ નોંધાયા છે. આ નવા બે કેસ મળતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા બે કેસમાં એક મહિલા દર્દી છે તો એક પુરૂષ દર્દી છે. તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૫૯૧ કોરોનાના ટેસ્ટ થયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોના સંક્રમણને લઈ અત્યાર સુધીમાં ૫૯૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આજે કોટેશ્વરના ૨૪ વર્ષનો એક યુવક સંપૂર્ણ રીતે કોરોનામુક્ત થતાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લામાં નોંધાયેલ ૩૨ કેસ પૈકી સાત દર્દી સંપૂર્ણ સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૨૨ દર્દી હાલ સારવાર હેઠળ છે અને બે દર્દીના મોત થયા છે.

## અધિક મુખ્ય સચિવ ઉપરાંત વધુ બે સનદી અધિકારીઓ ગાંધીનગર માટે નિમાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોના સંક્રમણના વધતા જતા કેસોને નિયંત્રણમાં લાવવા રાજ્ય સરકારે અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ઉપરાંત પૂર્વ જિલ્લા કલેક્ટર સુશ્રી સોનલ મિશ્રા અને મુકેશકુમારને પણ મદદરૂપ થવા માટે જવાબદારી સોંપી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં સેમ્પલની સંખ્યા વધે તે માટે ખાસ તાકીદ કરવામાં આવી છે અને આ કામગીરીના મોનીટરીંગની જવાબદારી સુશ્રી સોનલ મિશ્રાને આપવામાં આવી છે.

આ ઉપરાંત ગાંધીનગરના પ્રવેશ દ્વારો પર સઘન તપાસની સાથે સાથે કોવિડ ચેકપોસ્ટ ૨૪૮૭ શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે. પોલીસ સાથે સુયોગ્ય સંકલન રહે તે માટે આ કામગીરીના મોનીટરીંગની જવાબદારી મુકેશકુમારને સોંપવામાં આવી છે.

તબીબોની અછતને લઈ આઈ.એમ.એ. સાથે સુયોગ્ય સંકલન કરી કામગીરી કરવાની જવાબદારી પણ સુશ્રી સોનલ મિશ્રાને સોંપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરને સ્લમ વિસ્તાર અને સુપર સ્પ્રેડર વ્યક્તીઓના સઘન સર્વેલન્સ માટે પણ તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



કોવિડ-ચેકપોસ્ટ : ગાંધીનગર રેડ ઝોનમાં મુકાતા પોલીસ લોકડાઉનનો કડક અમલ કરાવે છે... સાથો સાથ શહેરના પ્રવેશદ્વારો પર મુલાકાતીઓનું ઘનિષ્ઠ ચેકીંગ કરાય છે. શહેરના તમામ પ્રવેશ કેન્દ્રો પર કોવિડ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે જ્યાં આરોગ્યની ચકાસણી કરાશે અને તેમનું રજીસ્ટર પણ રખાશે. ગાંધીનગરમાં આવતા-જતા તમામ એન્ટ્રી પોઈન્ટ પર વાહનોનું કડક ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરવા પોલીસ વધુ સજ્જતા સાથે ડ્યુટી કરી રહી છે. ચ-૭ સર્કલ પર પોલીસે સઘન બંદોબસ્ત ગોઠવી આવતા-જતા તમામ વાહનોનું ચેકીંગ વધાર્યુ છે.

## સ્વર્ણિમ સંકુલ-૧માં મિડિયા પ્રવેશ પર પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૨

રાજયભરમાં પત્રકારોને કોરોના પોઝિટિવ આવવાના સમાચારના પગલે પત્રકારોને સ્વર્ણિમ સંકુલ-૧માં પ્રવેશવા માટે મંજુરી લેવી પડશે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા સલામતિ શાખાને આ પ્રકારની સુચના અપાતા સલામતિ શાખા આવતીકાલથી અમલ કરશે. અમદાવાદ અને ગાંધીનગરના પત્રકારો સચિવાલયની મુલાકાત લેતા હોય છે. જેમના માટે આ સુચના આંચકાજનક છે.

પ્રિન્ટ મિડિયા અનો ઈલેક્ટ્રોનિક મિડિયાના પત્રકારો માટે આ સુચના અપાઈ છે.

## ગાંધીનગરમાં કોરોના વોરિયર્સનું અવકાશી પુષ્પવર્ષાથી સન્માન કરાશે

### અમદાવાદ-ગાંધીનગરના આકાશમાં એરફોર્સ હેલિકોપ્ટરથી સર્વેલનસ હાથ ધરાયું

ગાંધીનગર,તા.૦૨

કોરોના વાયરસ ને ડામવા ભારતમાં કામ કરી રહેલા કોરોના વોરિયર્સને અનોખી રીતે સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવતે શુક્રવારે સાંજે આર્મ્ડ ફોર્સિસના આ પહેલની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, ભારતીય વાયુસેના ૩ મેના રોજ એક ફલાયપાસ્ટમાં ફૂલોનો વરસાદ કરીને કોરોના વોરિયર્સ પ્રતિ સન્માન આપશે. ત્યારે અમદાવાદ અને ગાંધીનગરની હોસ્પિટલોમાં જ્યાં કોરોના વાયરસના દર્દીઓની સારવાર થઈ રહી છે ત્યાં એરફોર્સના હેલિકોપ્ટરે દ્વારા આવતીકાલે ગાંધીનગર ખાતે સવારે ૧૦.૫૫ થી ૧૧.૨૫ અને અમદાવાદ ખાતે ૧૦.૦૫ થી ૧૦.૨૫ દરમિયાન પુષ્પવર્ષા કરવામાં આવશે. ત્રણેય પાંખના વડા દ્વારા ગઈકાલે જાહેરાત કરવામાં આવી હતી કે, આવતીકાલે સવારના સમયગાળા દરમિયાન કોરોના યોદ્ધાઓનું પુષ્પ વર્ષાથી અભિવાદન અને સન્માન કરાશે.

જનરલ રાવતે કહ્યું કે, વાયુસેના શ્રીનગરથી તિરુવનંતપુરમ સુધી એક ફલાયપાસ્ટ કરશે. બીજી ફલાય પાસ્ટ આસામના ડિબ્રુગઢથી શરૂ થઈને ગુજરાતના કચ્છ સુધી જશે.

તેમાં ટ્રાન્સપોર્ટ અને લડાકુ, બંને પ્રકારના વિમાન સામેલ થશે. ભારતીય વાયુસેનાના ઈતિહાસમાં આવુ પહેલીવાર હશે, જયારે પેન-ઈન્ડિયા ફલાયપાસ્ટ થવા જઈ રહી છે. નેવીએ પોતાના જહાજો પર રવિવારે રોશની કરવાનો નિર્ણય કર્યો છે. જ્યારે કે ઈન્ડિયન આર્મી કોવિડ હોસ્પિટલોની પાસે માઉન્ટેન બેડ ડિસ્પ્લે આયોજિત કરશે.

ગાંધીનગર આકાશમાં આજે હેલિકોપ્ટરના આંટાફેરા જોવા મળ્યા હતા. જેને કારણે ગાંધીનગરના નગર જિલ્લામાં ઉત્સુકતા વધી હતી. તો અમદાવાદ શહેરના આકાશમાં પણ એરફોર્સ હેલિકોપ્ટરથી સર્વેલનસ શરૂ કરાયું હતું. MI-17 હેલિકોપ્ટર શહેરના આકાશમાં ઉડતું જોવા મળ્યું.

## માણસામાં દિપડો હોવાની વાતથી સ્થાનિકોમાં ભય ફેલાયો

### વનતંત્ર દોડતુ થયુ : સપ્તાહના અંતે દિપડો હજુ હાથ લાગ્યો નથી : દિપડો તુરંત જ એક સ્થળે થી બીજા ઠેકાણે પલાયન થઇ જતા હજુ વનતંત્રના હાથ લાગ્યો નથી

ગાંધીનગર તા ૨

કોલવડા બાદ હાલ દિપડો માણસા વિસ્તારમાં ફરતો હોવાની બુમ છેલ્લા બે દિવસથી ઉઠવા પામી છે. માણસા શહેરમાં ગઈકાલે રાત્રિના દિપડો દેખાતા સ્થાનિકોમાં ભય પ્રવર્તયો હોવાની વાત સામે આવી છે. જો કે વનતંત્રના જણાંવ્યા મુજબ તપાસના અંતે દિપડાની કોઈ ભાળ મળી નથી. પરંતુ છેલ્લા ઘણાં સમયથી નદીકાંઠાના વિસ્તારમાં દિપડો હોવાની વાત સાચી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. દિપડાને પકડવા તંત્ર રોજબરોજ જુદા જુદા ઠેકાણે દોડે છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી દિપડો આંટાફેરા કરે છે. વનતંત્ર એક દિપડાને પકડીને પાંજરે કેદ કરે ત્યાં તુરંત જ બીજો દિપડો ફરતો હોવાની હકીકત ધ્યાને આવતા તંત્ર પાછુ દોડતુ થઈ જાય છે. છેલ્લા બે વર્ષમાં દિપડો ગાંધીનગરના નદી કિનારાના ગામોમાંથી સચિવાલય સુધી પહોંચી ગયો છે. એટલુ જ નહી નગરના ચ માર્ગ પર દિપડાએ લટાર મારી લીધી છે. જયારે હાલ લોકડાઉન વચ્ચે વાહનોનો ઘોંઘાટ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com